ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

# શહેરમાં આખો દિવસ વરસાદી માહોલ છવાયો

## સવારે થોડીવાર તડકો નીકળ્યા બાદ વાદળો ઘેરાયા : બપોર બાદ ઝરમર વરસાદ

ગાંધીનગર, તા. ૧૮

ચોમાસાનો પ્રારંભ થઈ ચુક્યો છે. છેલ્લા ત્રણ દિવસથી વરસાદી માહોલ છવાયો છે. આજે આખો દિવસ ઝરમર વરસાદ વરસ્યો હતો. વરસાદી વાતાવરણથી શહેરનો માહોલ આહલાદક બની રહ્યો હતો.



આ વર્ષે ચોમાસાના સારા શુકન મળી રહ્યા છે. દર વખત કરતા ચોમાસુ વહેલુ આવ્યુ છે. ઘણી રાહ જોવડાવ્યા બાદ આવતો વરસાદ આ વર્ષે વહેલો આવી ગયો છે. છેલ્લા ત્રણ દિવસથી વરસાદી માહોલ છવાયો છે. બુધવારે સાંજે વીજળીના કડાકા સાથે શરૂ થયેલો વરસાદ હજુ જારી રહ્યો છે. ગઈકાલે બપોરે જોરદાર ઝાપટું પડ્યુ હતુ. એક-દોઢ કલાકમાં લગભગ એકાદ ઈંચ જેટલો વરસાદ વરસી ગયો હતો. વાતાવરણમાં સારી એવી ઠંડક છવાઈ ગઈ હતી. જો કે આજે સવારે થોડાક સમય માટે તડકો નીકળ્યો હતો. બપોર બાદ ફરી આકાશમાં વાદળો છવાયા હતા. સાંજ પડતાં જ ઝરમર વરસાદ શરૂ થયો હતો. જે મોડી રાત સુધી ચાલુ રહ્યો હતો.

ઝરમર વરસાદના કારણે શહેરનું વાતાવરણ આહલાદક બન્યુ હતુ. ઘણા દિવસો સુધી આકરી ગરમી સહન કર્યા બાદ વરસાદ વરસતા ગાંધીનગરાઓ ખુશખુશાલ બની ગયા છે. કોઈ હીલ સ્ટેશન પર હોય તેવુ વાતાવરણ સર્જાતા ગાંધીનગરાઓ હરવા ફરવા નીકળી પડ્યા હતા. વરસાદી માહોલમાં ચાલતા, સાઈકલ લઈને કે ગાડીમાં નીકળી પડેલા વસાહતીઓએ વરસાદી માહોલને પુરેપુરો માણ્યો હતો. કેટલાક સેક્ટરોમાં ધોધમાર વરસાદ વરસ્યો હતો. જુના સેક્ટરોમાં ક્યાંક ક્યાંક પાણી પણ ભરાઈ ગયા હતા. હવામાન વિભાગે હજુ બે-ત્રણ દિવસ સુધી વરસાદી માહોલ છવાયેલો રહેશે તેવી આગાહી કરી છે.



પંખીઓએ કલશોર કર્યો ભાઈ ધરતીને સુરજ ચૂમ્યો... - અદ્દભૂત કાવ્ય રચનાની આ પંક્તિને આજે સાર્થક થતી જોઈ ગાંધીનગરમાં... આમ તો ગાંધીનગર શહેરમાં મોરની સંખ્યા નોંધનીય છે... મોર અને એ પણ ઝાડની ટોચે બેસી ટહૂકતો હો તે સાંભળવાની મઝા તો કંઈક અનેરી જ છે... આ ટહૂકતા મોરનો નાદ સાંભળ્યો ગાંધીનગર 'ચ' રોડ પર સતત ટ્રાફીકથી ધમધમતા માર્ગ પર ત્યારે તુરત જ અવિનાશ વ્યાસની પંક્તિ પણ યાદ આવી જાય કે મારે ટોડલે બેઠો મોર કાં બોલે... ચ-૩ નજીકની વનરાજીમાં એકઅ અર્ધસૂકા ઝાડની ટોચે એક નહિ પણ એક સાથે ૬-૬ ટહૂકતા મોરે વાતાવરણની કંઈક અનેરી મજા આપી હતી...

# વૈષ્ણોદેવી અને ખોડિયાર ફલાય ઓવરનુ ૨૧મીએ લોકાર્પણ

## ચિલોડા સરખેજ રૂટમાં અન્ય ૬ ઓવરબ્રિજનુ કામ ચાલી રહ્યુ છે : સરગાસણ, ઘ-૦ બ્રિજનુ પણ જુલાઇ અંત સુધીમાં લોકાર્પણ કરી દેવાશે

ગાંધીનગર તા ૧૮

ચિલોડા સરખેજ પ્રોજેકટ અન્વયે હાલ આ રૂટમાં ઓવર બ્રિજના નિર્માણનુ કામ ચાલી રહ્યુ છે. જયારે ઓવરબ્રિજ તૈયાર થતા તબકકાવાર નવા બ્રિજનુ લોકાર્પણ પણ કરવામાં આવી રહ્યુ છે. આગામી તા ૨૧ જુનના રોજ વૈષ્ણોદેવી તેમજ ખોડીયાર કન્ટેનર યાર્ડ ફલાય ઓવરનુ અમિત શાહના હસ્તે લોકાર્પણ કરાશે. જયારે ઘ-૦ અને સરગાસણ ઓવરબ્રિજનુ પણ જુલાઈ અંત સુધીમાં લોકાર્પણ કરી દેવાશે.

ચિલોડા સરખેજ હાઈવેને અનુલક્ષી લાંબા સમયથી કામગીરી ચાલી રહી છે. આ પ્રોજેકટનુ કામ કોરોનાના લીધે થોડો સમય બંધ રહેતા બ્રિજના નિર્માણની કામગીરી પણ અટવાઈ હતી જેથી સમય મુજબ કામ પુર્ણ કરી શકાયુ નથી ચિલોડા સરખેજ રૂટમાં આગામી તા ૨૧ જુનના રોજ નવા બે ઓવરબ્રિજનુ લોકાર્પણ કરવામાં આવશે જેમાં વૈષ્ણોદેવી તેમજ ખોડિયાર કન્ટેઈનર ફલાયઓવરનો સમાવેશ થાય છે. આ ઉપરાંત કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહના હસ્તે પાનસર રેલવે ઓવરબ્રિજનુ પણ લોકાર્પણ કરાશે.જયારે આગામી જુલાઈના અંતમાં શહેરના પ્રવેશદ્વાર પાસે સ્થિત સરગાસણ તેમજ ઈન્ફોસીટી ઓવરબ્રિજનુ પણ લોકાર્પણ કરી દેવાશે. હાલ ચિલોડા સરખેજ રૂટમાં અન્ય ૬ ઓવરબ્રિજનુ કામ ચાલી રહ્યુ છે. અગાઉ પ્રથમ તબક્કામાં ઉવારસદ , સાણંદ અને પકવાન ચોકડી પાસે ઓવરબ્રિજ ખુલ્લો મુકાયો હતો જયારે હાલ તારાપુર ચોકડી, જાલા ચોકડી સહીત અન્ય ઓવરબ્રિજના નિર્માણનુ કામ પણ ચાલી રહ્યુ છે. આગામી દિવસોમાં આ બ્રિજની કામગીરી પણ ઝડપથી પુર્ણ કરાશે. ચિલોડા સરખેજ પ્રોજેકટને અનુલક્ષીને હજુ અડાલજ નર્મદા કેનાલ તેમજ ચિલોડા બ્રિજના વાઈડનીંગની કામગીરી પણ બાકી છે. આ મામલે ભારત સરકારને દરખાસ્ત પણ કરવામાં આવી છે.

## સિવિલ હોસ્પિટલમાં ૩ કલાક જેટલો સમય ફાળવતા અગ્ર સચિવ

# સિવિલના વેક્સિનેશન સેન્ટર પરના સ્લોટમાં વધારો કરો અને નોન કોવિડ કામગીરી વેગીલી બનાવો

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં કોવિડ વેક્સિનેશનના સ્લોટમાં વધારો કરવામાં આવે તેમજ હોસ્પિટલમાં નોન કોવિડ દર્દીઓની સારવારમાં ગતિ આવે તે અત્યંત જરૂરી છે તેમ રાજ્યના આરોગ્ય વિભાગના અગ્ર સચિવ મનોજ અગ્રવાલે આજે સિવિલ હોસ્પિટલની મુલાકાત વખતે સૂચના આપતાં જણાવ્યુ હતુ.

અગ્રવાલે આજે ગાંધીનગર સિવિલ હોસ્પિટલની મુલાકાતમાં ત્રણ કલાકથી વધુ સમય ગાળ્યો હતો. તેમણે સિવિલમાં ઓક્સિજન પ્લાન્ટ જે હવામાંથી ઓક્સિજન બનાવશે તેનું નિરીક્ષણ કર્યુ હતુ તેમજ હયાત ઓક્સિજન ટેન્કની મુલાકાત લઈ અને સ્થિતિની સર્વગ્રાહી સમીક્ષા કરી હતી.

અગ્રવાલે હોસ્પિટલની મુલાકાતનો આરંભ કોવિડ વેક્સિનેશન સેન્ટરની મુલાકાતથી કર્યો હતો. તેમણે હોસ્પિટલ કેમ્પસ છોડતાં પહેલાં મેડિકલ કોલેજ ખાતે તમામ એચ.ઓ.ડી. સાથે બેઠક કરી હતી. તેમણે સાતમા અને આઠમા મજલે નોન કોવિડ કામગીરી જે ચાલી રહી છે તેની પણ મુલાકાત લીધી હતી.



ગાંધીનગર સિવિલ હોસ્પિટલની ટીમે કોવિડની બીજી વેવ દરમ્યાન બજાવેલી સેવાઓને બિરદાવી હતી તેમજ ત્રીજી વેવમાં હજુ પણ આ સેવાઓ સઘન બને તેના પર ખાસ ભાર મુક્યો હતો. તેમણે કહ્યુ કે ત્રીજી વેવની સંભાવના છે આ વેવમાં ઓછામાં ઓછા લોકો સંક્રમિત થાય અને તેમને સારવાર સમયસર મળી રહે તે આપણે સૌએ જોવુ પડશે.

આરોગ્ય વિભાગનો ચાર્જ સંભાળ્યા પછી ગાંધીનગરમાં મહાત્મા મંદિર ખાતે બનેલ કોવિડ

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લામાં ખરીફ વાવણી ૧૮ હજાર હેક્ટરમાં સંપન્ન

## માણસામાં મગફળીનું તો દહેગામમાં કપાસનું વાવેતર વધુ નોંધાયુ : અડદ, ગુવારનું વાવેતર પણ આરંભાયુ : ચોમાસુ બેસી જતાં ખેડૂતોમાં ખુશી

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર જિલ્લામાં વરસાદના આગમનને પગલે ખરીફ વાવણીમાં પણ વેગ આવ્યો છે. જિલ્લામાં આજ સુધીમાં ૧૮,૨૬૮ હેક્ટર વિસ્તારમાં વાવણી કાર્ય સંપન્ન થયુ છે.

જિલ્લામાં ડાંગરના પાકનું ૯૮૦ હેક્ટરમાં, મગફળીનું ૩૬૨૧ હેક્ટરમાં, કપાસનું ૬૬૪૧ હેક્ટરમાં, શાકભાજીનું ૨૩૮૫ હેક્ટરમાં, ઘાસચારાનું ૪૬૩૬ હેક્ટરમાં વાવેતર નોંધાયુ છે.

જિલ્લામાં ગુવાર, અડદનું વાવેતર પણ થોડુ થોડુ નોંધાયુ હોવાનું જાણવા મળેલ છે.

મળતી વિગતો પ્રમાણે દહેગામમાં ૮૮૫૭ હેક્ટરમાં, ગાંધીનગરમાં ૩૧૦૬ હેક્ટરમાં, કલોલમાં ૧૭૯૪ હેક્ટરમાં અને માણસામાં ૪૫૧૧ હેક્ટરમાં વાવેતર નોંધાયુ છે.

મગફળીનું વાવેતર માણસામાં વધુ નોંધાયુ છે તો કપાસનું વાવેતર દહેગામમાં વધુ નોંધાયુ છે. જિલ્લામાં ખરીફ પાક માટે ફેર રોપણીના ધરૂવાડિયા પણ તૈયાર કરવામાં ખેડૂતો વ્યસ્ત બન્યા છે.

જિલ્લામાં છેલ્લા ૩ દિવસથી થઈ રહેલા હળવા વરસાદને પગલે ખેડૂતોમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે. જમીનમાં આ હળવા વરસાદને કારણે ભેજ થઈ રહ્યો છે અને ભેજ પાકના ઉગાવામાં ખુબજ જરૂરી છે.

જિલ્લામાં આ વખતે પણ કપાસ અને મગફળીનું વાવેતર છેલ્લા ત્રણ વર્ષની સરેરાશ જેટલુ નોંધાય તેવી શક્યતાઓ છે. આ ઉપરાંત શાકભાજી અને ઘાસચારાનું વાવેતર પણ વધે તેવા નિર્દેશો મળી રહ્યા છે.

જિલ્લામાં આજથી વિધિવત્ ચોમાસુ બેસી ગયાનું ખેડૂતોનું કહેવુ છે. ચોમાસુ વહેલુ આવ્યુ હોવાથી વાવણી પણ વધશે. જો કે ખેડૂતોને હજુ શ્રમિકોની સમસ્યા નડી રહી છે એટલુ જ નહિ બિયારણમાં જે ભાવ વૃદ્ધિ છે તે પણ અસર કરી રહી છે.

હવામાન વિભાગના સૂત્રોના જણાવ્યાનુસાર શનિવાર અને રવિવારે પણ જિલ્લામાં હળવો વરસાદ થવાની સંભાવનાઓ છે.

# શહેર-ગ્રામ્યમાં ૨-૨ કેસ કોરોનાના નોંધાયા

## સારવાર દરમ્યાન દહેગામની મહિલા દર્દીનું મોત

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર જિલ્લામાં આજે કોરોનાના સતત બીજે દિવસે પણ ૪ કેસ નોંધાયા છે. ગ્રામ્ય વિસ્તારમાં બે અને ગાંધીનગર શહેરમાં બે કેસ નોંધાયા છે. સારવાર દરમ્યાન એક દર્દીનું મોત થયુ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કલોલ અને માણસા તાલુકામાં એક-એક કેસ નોંધાયો છે. આજે ગાંધીનગર અને દહેગામમાં એક પણ કેસ નોંધાયો નથી. ગ્રામ્ય વિસ્તારમાં હવે છુટા છવાયા કેસો મળી રહ્યાનો દાવો કરતાં તંત્રના અધિકારીઓએ કહ્યુ છે કે સંક્રમણની સ્થિતિ સંપૂર્ણ નિયંત્રણ હેઠળ છે.

કલોલ અર્બનમાંથી એક કેસ મળી આવ્યો છે તો માણસા તાલુકાના વરસોડા ગામેથી એક ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ બન્ને દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

મળતી વિગતો પ્રમાણે દહેગામની એક ૪૫ વર્ષીય મહિલા જે ૨૫-૪-૨૧ થી સારવાર હેઠળ હતી તેનુ આજે દુ:ખદ અવસાન થયુ છે.

જિલ્લામાં આજે વધુ ૪ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. જિલ્લામાં અત્યાર સુધીમાં ૯૫૩૧ દર્દીઓ કોરોનામુક્ત થયા છે.

જિલ્લામાં આજે ૨૦૩ દર્દીઓ એકટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે જ્યારે ૪૩૪ લોકોને હોમ ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવેલ છે.

ગાંધીનગર શહેરમાં આજે બે કેસ નોંધાયા છે. શહેરમાં નોંધાયેલા બન્ને કેસ ૨૦ થી ઓછી આયુ ધરાવે છે. રાયસણ અને કુડાસણ ગામેથી આ દર્દીઓ મળી આવ્યા છે.

શહેરમાં આજે વધુ પાંચ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે.

# ચોમાસાની શરૂઆત થતા જ સેકટરોમાં દુવિધાઓનુ દંગલ

## કટયેલા અને કંગાળ સ્ટ્રીટ લાઇટના બંધ થાંભલાના લીધે અંધારપટ્ટ વચ્ચે સેકટરોમાં વરસાદી પાણીનો ભરાવો , માટીના ઢગ અને ખડકાયેલા કચરાથી ગંદકી કાદવ કિચ્ચડ : ફુટપાથ અને માર્ગો પર ગાબડા વૃક્ષોની નમી પડેલી ડાળીઓ અને તુટેલા સાઇન બોર્ડસ વચ્ચે દિશાવિહીન બનતા સેકટરવાસીઓ

ગાંધીનગર તા ૧૮

વરસાદી મોસમની શરૂઆતથી નભમાં નિખરતા આકાશી નઝારા વચ્ચે સેકટરોમાં પણ રહીશોના ઘર આંગણે મંડરાઈ છે. બે ત્રણ હળવા ઝાપટાના અંતે જ શહેરના મુખ્યમાર્ગો તેમજ સેકટરોના આંતરિક વિસ્તારમાં સ્માર્ટ સીટીનો અસલ નઝારો જોવા મળી રહ્યો છે. તંત્રની અણઘડ કામગીરીના લીધે નાગરિકોએ ડગલે ને પગલે જોખમી સ્થિતિનો સામનો કરવો પડે છે. હળવા વરસાદી ઝાપટાથી શહેર આખુ અસ્તવ્યસ્ત થઈ ગયુ છે. સેકટરોમાં વરસાદી પાણીના નિકાલના અભાવે સતત વરસાદી પાણી ભરાયેલા રહે છે. ખોદકામના અંતે માટીના ઢગ અને ખડકાયેલા કચરાના લીધે ગંદકીના થર જામ્યા છે. માર્ગો અને ફુટપાથ પર ઠેર ઠેર મોટા ગાબડા અસ્તિત્વમાં આવતા આમ નાગરિકોની સલામતી જોખમાઈ છે. નમી પડેલી વૃક્ષોની ડાળીઓ વચ્ચે સ્ટ્રીટ લાઈટ પણ અજવાળુ આપતી નથી.



શહેરમાં છેલ્લા ત્રણ ચાર દિવસથી વરસાદી મોસમ નિખરી છે. પ્રિ મોન્સુન એકિટીવીટીના અંતે મેઘરાજાની પધરામણી થતા રોજબરોજ ભીંજારાનો માહોલ યથાવત જોવા મળે છે. છેલ્લા બે ત્રણ દિવસથી વરસાદના હળવા ભારે ઝાપટા વચ્ચે શહેરના સેકટરોમાં નતનવી વરસાદી સમસ્યાઓ ઉભી થવા પામી છે. વરસાદી મોસમની સાથે સ્માર્ટી સીટીનો નઝારો પણ નિખર્યો છે. સેકટરોમાં વરસાદી પાણીનો નિકાલ ન થતા ઠેર ઠેર વરસાદી પાણીનો

● અનુસંધાન પાન-૭ પર

# એસ ટી એ બહારગામના રૂટમાં રાત્રિ બસ સેવા પણ શરૂ કરી દીધી

## સ્ટેચ્યુ ઓફ યુનિટી રૂટની પણ બસ ચાલુ : ત્રણ મહીનાના અંતે એસ ટી બસ સેવા પુર્ણરૂપે ધમધમતી થઇ

ગાંધીનગર તા ૧૮

કોરોનાના વધતા સંક્રમણના લીધે એસ ટી બસ સેવા છેલ્લા ત્રણ મહીનાથી પ્રભાવિત રહેતા ડેપોમાં પણ મુસાફરોની વિશેષ ચહલ પહલ જોવા મળતી ન હતી. જયારે કોરોનાના કપરા સમય દરમિયાન મોટાભાગના રૂટોની બસ સેવા બંધ કરી દેવામાં આવી હતી જયારે હવે કોરોનાનુ સંક્રમણ કાબુમાં આવતા ગાંધીનગર ડેપોએ રાત્રિના સમયે બહારગામના રૂટોની બસો પણ દોડાવાનુ શરૂ કરી દીધુ છે.

કોરોનાના કેસ દિનપ્રતિદિન ઘટી રહ્યા છે. જયારે કોરોનાનુ સંક્રમણ કાબુમાં આવતા હવે સરકાર દ્વારા પણ જરૂરી વેપાર ધંધા માટે તબક્કાવાર છુટછાટ આપવામાં આવી રહી છે. જયારે એસ ટી બસમાં પણ હવે ટ્રાફિક જોવા મળી રહ્યો છે. છેલ્લા ઘણાં સમયથી કોરોનાના વધતા સંક્રમણના લીધે એસ ટી બસ દ્વારા વિવિધ રૂટોની બસ સેવા બંધ કરી દેવામાં આવી હતી. જયારે હવે કોરોનાના કેસ ઘટતા ગાંધીનગર ડેપોએ પણ બસ સેવા રાબેતા મુજબ શરૂ કરી દેવામાં આવી છે. કોરોનાના કપરા કાળમાં એસ ટી બસના પૈડા થંભી જતા ગાંધીનગર એસ ટી ડેપોએ પણ મોટી આવક ગુમાવવી પડી હતી જયારે હવે કોરોનાના કેસની સંખ્યા નહીંવત થઈ ગઈ છે. જયારે રોજબરોજ કેસ ઘટતા એસ ટી નિગમે પણ અત્યાર સુધી બંધ રૂટોની બસ સેવા પુન : ચાલુ કરી દીધી છે. એસ ટી ડેપો દ્વારા હાલ સાંજના સમયે ઉપડતી બહારગામના રૂટોની બસ પણ શરૂ કરી દીધી છે. જયારે સાંજના સમયે સ્ટેચ્યુ ઓફ યુનિટી જવા માટે પણ બસ શરૂ કરી દેવામાં આવી છે.

# અમદાવાદમાં રથયાત્રાની જળયાત્રાને મંજૂરી અપાઈ

## ૧૦૮ને બદલે માત્ર ૫ કળશમાં પાણી ભરાશે

અમદાવાદ,તા.૧૮

૧૪૪ મી ભગવાન જગન્નાથજી મંદિરની રથયાત્રાને પગલે મિટિંગનો દોર પૂર્ણ થયો છે અને રથયાત્રા પહેલા યોજાતી જળયાત્રાને મંજૂરી મળી છે. ૧૦૮ કળશને બદલે માત્ર ૫ કળશ સાથે જળયાત્રા યોજવામાં આવશે તેવો નિર્ણય લેવામાં આવ્યો છે. તેમજ જળયાત્રામાં કોઈ પણ ભજન મંડળી સામેલ નહિ થઈ શકે. આ વર્ષની જળયાત્રામાં નાયબ મુખ્યમંત્રી અને ગૃહમંત્રી હાજર રહેશે. ૨૪ જૂનના દિવસે જળયાત્રા યોજાનાર છે. ૧૪૪ મી ભગવાન જગન્નાથજી મંદિરની રથયાત્રાની જળયાત્રાના આયોજનને લઈને આજે મિટિંગ યોજાઈ હતી. જેમાં જળયાત્રા યોજવાનો નિર્ણય લેવાયો છે. સાથે જ મિટિંગના અંતે નક્કી કરાયુ કે, જળયાત્રામાં શક્યો હોય તો ગજરાજને પણ હાજર રાખવામાં નહિ આવે. જો જરૂર હશે તો માત્ર એક જ ગજરાજ રાખવામાં આવશે. જળયાત્રામાં ૫૦ થી ઓછા લોકોની હાજરી રહેશે. જેઓ મંદિરના જ સભ્યો હશે. સામાન્ય નાગરિકો રથયાત્રામાં નહિ જોડાઈ શકે. આ વર્ષે કેવી રીતે જળયાત્રા નીકળશે તે મોટો સવાલ છે. દર વર્ષે ૧૦૮ કળશની સાથે વાજતે-ગાજતે જળયાત્રા નીકળતી હોય છે. પરંતુ આ વર્ષે માત્ર પાંચ કળશ સાથે જળયાત્રા નીકળળે. જેમાં મંદિરના સેવકો તેમજ ગાદીપતિ અને ટ્રસ્ટીઓ જ જોડાશે.

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN ®
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com